**<u>મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ ૧૮૭૯ની કલમ ૧૩૫(ઘ)ની નોટીસ બજાવવા બાબતે.</u>**

સેટલમેન્ટ કમીશ્નર અને જમીન રેકર્ડઝ નિયામક,
ગુજરાત રાજય, ગાંધીનગર.
ગ્રંથાલય ભવન, ટાઉનહોલની બાજુમાં, ત્રીજો માળ,
સેકટર–૧૭, ગાંધીનગર–૩૮૨૦૧૭.

---

ક્રમાંકઃ એલ.આર.૧/ફે.ફા.નોંધ.સિ.સ./૦૫ તા. ૨૩ –૫–૨૦૦૫

**પરિપત્રઃ–**

જમીન દફતર ખાતાની સિટી સરવે કચેરીઓમાં મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ ૧૮૭૯ના પ્રકરણ ૧૦–ક, " હકપત્રક બાબત " ની કામગીરી માટે મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ ૧૮૭૯ની કલમ ૧૨–ક, અન્વયે સિટી સરવે સુપરિન્ટેન્ડેન્ટશ્રીઓ વધારાના મામલતદાર તરીકે ફેરફાર નોંધનો નિકાલ કરે છે. ફેરફાર નોંધના નિકાલ કરતી વખતે મહેસુલ વિભાગના ઠરાવ નં. હકપ ૧૦૨૦૦૩/૨૭૨૭/ જ. તા.૧–૧૨–૨૦૦૩, હકપત્રક (રેકર્ડ ઓફ રાઈટસ) અધતન રાખવા બાબતના ઠરાવ તથા મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ ૧૮૭૯ની જોગવાઈઓ ધ્યાને લેવાની હોય છે. જમીન દફતર ખાતાની રાજયની સિટી સરવે કચેરીઓની હકપત્રક નોંધનો નિકાલ કરતી વેળાએ હુકમથી થયેલ ફેરફાર નોંધોમાં મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ ૧૮૭૯ની કલમ ૧૩૫ (ઘ) મુજબ ફેરફાર નોંધ કરવામાં પગલાં લેવામાં આવે ત્યારે (મ્યુટેશન એન્ટ્રી)ની નોંધ કરતી વખતે એવી નોંધ સબંધકર્તા હિત ધરાવતા વ્યકિતઓને લેખીત નોટીસ આપવામાં આવતી નથી અને કલમ૧૩૫(ઘ) હેઠળની નોટીસ આપ્યા સિવાય ફેરફારો મંજૂર કરવામાં આવે છે. આ બાબત મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ ૧૮૭૯ની કલમ ૧૩૫(ઘ) સાથે સુસંગત ન હોઈ વાંધાજનક છે. સબબ સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટશ્રીઓને નીચે મુજબની સુચના હકકપત્રકની ફેરફાર નોંધના નિકાલ માટે આપવામાં આવે છે.

૧. મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ ૧૮૭૯ની કલમ ૧૩૫ (ઘ)મુજબ ફેરફાર રજીસ્ટરમાં નોંધ કરે ત્યારે મેન્ટેનન્સ સરવેયરે સદરહું ફેરફાર સબંધિત હિત ધરાવનારી જે વ્યકિતઓ જણાય તેમને અને જે કોઈ વ્યકિત તેમાં હિત સબંધ ધરાવતો હોય તેમ માનવાનું કારણ હોય તેને લેખીત ખબર આપવી, દરેક પ્રકારની ફેરફાર નોંધના નિકાલ પહેલાં મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ ૧૮૭૯ની કલમ ૧૩૫ (ઘ) હેઠળ ફરજીયાતપણે નોટીસ આપવાની રહેશે.

૨. બીન ખેતીની દુરસ્તી થવાથી, કોર્ટના પ્રોબેટથી, કોર્ટના હુકમથી , તકરારી કેસ, રીમાન્ડ કેસના હુકમથી, અપીલ અધિકારીના હુકમથી, વિભાગ માપણી, એકત્રીકરણ, દુરસ્તી કે કોઈપણ પ્રકારની ફેરફાર નોંધ નિકાલ કરતાં પહેલાં મિલ્કતમાં હિત સબંધ ધરાવતા વ્યકિતઓને અવશ્યપણે લે.રે.કો.કલમ ૧૩૫(ઘ)હેઠળની લેખીત નોટીસ આપવાની રહેશે લેખીત નોટીસ આપ્યા સિવાય કોઈપણ ફેરફાર નોંધનો નિકાલ કરી શકાશે નહિ.

૩. કોઈપણ પ્રકારની ફેરફાર નોંધ ફરજીયાત પણે લેખીત નોટીસની બજવણી થયા પહેલાં અને નોટીસમાં જણાવેલ દિન ૩૦ ની મુદત પહેલાં નિકાલ કરી શકાશે નહિં.

૪. મિલકતના હિત સબંધ ધરાવનાર વ્યકિતઓને મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ ૧૮૭૯ની કલમ ૧૩૫ (ઘ) હેઠળની નોટીસ બજવણી કરવા સાથે મિલકત ઉપર પંચ રોજકામ સાથે ચોટાડવાની રહેશે સાથો સાથ તે મિલકતમાં જે તે સમયે રહેતા કબજો ધારણ કર્તા વ્યકિત, વ્યકિતઓને રૂબરૂ સહી લઈ નોટીસ આપવાની રહેશે. મિલકતમાં રહેતા વ્યકિતને યુ.પી.સી. થી નોટીસ બજાવી હોય તેમ છતાં પણ રૂબરૂમાં તેઓની સહી લઈ નોટીસ બજાવવાની રહેશે.

(કૃપયા પાછળ)

૫. હુકમની ફેરફાર નોંધ સામે વાંધાઓ રજૂ કરવામાં આવે ત્યારે હુકમ કરનાર સત્તાધિકારીની ઉપરના એપેલેટ અધિકારી તરફથી મનાઈ હુકમ આપવામાં આવેલ ન હોય તો, વાંધો ધ્યાને લેવાનો રહેશે નહીં.

૬. સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ નં.હકપ–૧૨૦૦૩/૨૭૨૭/જ, તા.૧–૧૨–૨૦૦૩માં અપાયેલ સુચના મુજબ રેકર્ડના ખરાપણાની ફેરફાર નોંધ મંજૂર, નામંજૂર કરતા હુકમની જાણ મિલકતના હિત સબંધ ધરાવનાર વ્યકિતઓને લેખીતમાં અવશ્ય જાણ કરવાની રહેશે.

**આ પરિપત્રનો અમલ તારીખ ૧–૦૬–૨૦૦૫ થી કરવો રહેશે.**

(સહી) આર.પી. ગુપ્તા
**સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક**
**ગુજરાત રાજય, ગાંધીનગર.**

નકલ સવિનય રવાના :– નાયબ સચિવશ્રી મહેસુલ વિભાગ 'હ'શાખા સચિવાલય ગાંધીનગર તરફ જાણ સારૂ
નકલ સવિનય રવાનાઃ–જિલ્લા કલેકટરશ્રી તમામ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ
નકલ સવિનય રવાનાઃ– પ્રાન્ત અધિકારી શ્રી તમામ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ
નકલ સવિનય રવાનાઃ– નાયબ નિયામકશ્રી જમીન દફતર અમદાવાદ, વડોદરા, સુરત, ભાવનગર, રાજકોટ તરફ જાણ તથા જરૂરી તજવીજ થવા સારૂ
નકલ સવિનય રવાનાઃ–સુપરિન્ટેન્ડેન્ટશ્રી જમીન દફતર ખેડા મું.નડીયાદ, આણંદ, સુરેન્દ્રનગર, તથા કચ્છ
નકલ રવાનાઃ– સિટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ તમામ, જિલ્લા નિરિક્ષક જમીન દફતર તમામ, હકચોકસી અધિકારી તમામ નકલ

સવિનય રવાનાઃ– નાયબ નિયામકશ્રી જમીન દફતર, એકત્રીકરણ, જનરલ, અને તપાસણી તથા તમામશાખા અધિકારી મહેકમશાખા, ડી.આઈ.એલ.આર.શાખા, એકત્રીકરણ શાખા, ડી.આઈ.એલ.આર. સી.સ.શાખા, સ્પે.ડી.આઈ.એલ.આર.હકચોકસી શાખા, ઓફીસ સુપરિન્ટેન્ડેન્ટ એલ.આર. શાખા, ઓફીસ સુપરિન્ટેન્ડેન્ટ પરીક્ષા શાખા, સે.કમિ. અને જ.રે.નિ. કચેરી ગાંધીનગર તરફ

જાણ તથા જરૂરી તજવીજ થવા સારૂ

રવાના કર્યુ.

નાયબ નિયામક જમીન દફતર
સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક
ગુજરાત રાજય, ગાંધીનગરની કચેરી